


# દાદાનું સંભારણું

રાજપરના ઠાકોરના ઘરે વિવાહની ધામધૂમ થવાની હતી. દીકરી પરણવાની હતી. ઠાકોરે સગાંવહાલાં બધાંને કંકોતરીઓ લખી. ટપાલમાં બીડી, પણ ખાસ ખાસ સગાંઓને કંકોતરી આપવા માણસ મોકલવો જોઈએ. માણસ ન મોકલે તો ખોટું લાગી જાય.

મરણ અને પરણ આ બે પ્રસંગ મોટા. એ સમયે આવીને ઊભા રહે તે સગાંસંબંધી કહેવાય. સુખદુ:ખમાં આવીને ઊભા રહે તે સાચા મિત્ર અને સાચાં સગાં કહેવાય. આવો પ્રસંગ હોય ત્યારે સગાંવહાલાં એકબીજાંને મળે છે.

ઠાકોરે વિચાર કર્યો કે દીકરીના વિવાહમાં કોઈને બાકી ન રાખવાં. બધાં સગાંને તેડાવવાં. કોણ કોણ સગાં છે એની યાદી કરવા માંડ્યા. એમાં દૂરના એક કુટુંબી હતા. દસ-વીસ ગાઉ છેટે એક ગામ. ત્યાંના એ ગરાસિયા.


તેમને હાથોહાથ કંકોતરી આપવી જોઈએ. ટપાલમાં મોકલે તો ખોટું લાગે કે અમારી કાંઈ કિંમત નથી.



ઠાકોરે તભા ભટને કહ્યું કે દસ ગાઉ છેટે ગામ છે. આવતાં રાત રહેવું પડે અને જતાંય રાત થાય. માટે મિયાં ફુસકીને સાથે લીધા હોય તો સારું. તભા ભટ સાથે જવાની વાતમાં તો ફુસકી મિયાં રાજી જ હોય. ઠાકોરે પણ હા કહી.

ફુસકી મિયાં અને તભા ભટ ચાલ્યા.

માલપુર પહોંચ્યા.



કરણસિંહ બાપુના ઘરે ગયા.

બાપુ ડેલીની બેઠકમાં બેઠા છે, પણ બારણાં વાસેલાં છે. ડેલીનાં બારણાં મોટાં.

એમાં એક નાની બારી.

એ બારી થોડી થોડી ઉઘાડી છે. બાપુ એ બારીની તડમાંથી જુએ કે કોઈ લેણા પૈસા લેવા આવે છે તો બારી બંધ કરી દે. પછી ભલે ને બહારથી કમાડ ધધડાવે. ધધડાવીને થાકે એટલે પાછો જતો રહે.

હવે ત્યાં તભા ભટ અને ફુસકી મિયાં પહોંચી ગયા.

બાપુએ જોયું કે હાથીના બચ્ચા જેવો કોઈ બામણ ચાલ્યો આવે છે.

ફુસકી મિયાં તભા ભટની પાછળ હતા એટલે તે દેખાયા નહીં.

બાપુએ વિચાર કર્યો કે આ બામણ માગવા આવતો હશે તો તો લોટ આપવો પડશે. જો કોઈ પરગામનો હશે અને કહેશે કે રાત રહેવાના છીએ તો તેનું પેટ ભરવા એક કિલો લોટના રોટલા જોઈશે. આવો ખર્ચ આપણને પોસાય નહીં. આમ વિચારીને બાપુએ ડેલીની બારી બંધ કરી દીધી.

"બાપુ... ઓ બાપુ...!"



આમ તભા ભટે પાંચ-દસ બૂમો પાડી. કપાળે પરસેવાનાં ટીપાં વળી ગયાં.

ફુસકી મિયાંએ આગળ જઈને ખોંખારો ખાધો. પછી બૂમ પાડી.

તભા ભટ બોલ્યા : "ખોટા ખોટા બરાડા ના પાડશો. જરા ધીમેથી બોલજો."

બાપુએ બૂમ સાંભળી. બાપુ વિચારમાં પડ્યા કે પહેલાંના જેવો આ બોલાટ નથી. ડેલીનાં કમાડની તિરાડમાંથી જોયું. ત્યાં તો ફુસકી મિયાં દેખાયા. તભા ભટ બાજુમાં હતા એટલે દેખાયા નહીં. બાપુએ વિચાર કર્યો કે આ તો કોઈ સિપાઈ લાગે છે.

કદાચ સરકારી પટાવાળો હોય. હમણાં સરકાર બાપુઓને કરજથી પૈસા આપે છે. આપણે પણ પાંચસો રૂપિયાની માગણી કરી છે. કદાચ આ પટાવાળો એ રૂપિયાની માગણીનો સરકારી ઉત્તર લઈને આવ્યો હોય.

આમ વિચારી બાપુએ અંદરથી પૂછ્યું : "કોણ છે?"

ફુસકી મિયાંએ મૂછે તાવ દઈને ભટજીને કહ્યું : "જોયું ને ભટજી! આ અમારી રાજદરબારી બૂમનું ફળ. એક જ બૂમે બાપુ બોલ્યા. તમે બૂમો મારીને થાકી ગયા પણ બાપુ બોલ્યા જ નહીં."

ત્યાં તો બાપુએ ફરીથી પૂછ્યું : "કોણ છો ભાઈ?"

ફુસકી મિયાં બોલ્યા : "એ તો અમે રાજદરબારી સિપાઈબચ્ચા! હા."



સિપાઈબચ્ચાનું નામ સાંભળ્યું એટલે બાપુને થયું કે નક્કી સરકારી માણસ હશે. આપણે રૂપિયા પાંચસોની માગણી કરી છે એનો ઉત્તર

લઈને સિપાઈ આવ્યો હશે. આમ માનીને બાપુએ તરત જ ડેલીની બારી ઉઘાડી અને ડોકું બહાર કાઢ્યું.

ત્યાં તો નમીને ફુસકી મિયાંએ સલામ ભરી અને તભા ભટે આશિષ આપ્યા.

બાપુએ તભા ભટને જોયા કે રીસ ચડી ગઈ. બાપુએ મનમાં વિચાર્યું કે કમબખ્ત આ બામણો ભારે પાજી લાગે છે. તેણે બૂમો પાડી એટલે આપણે ડેલી ન ઉઘાડી. ત્યાં આવ્યા હશે આ સિપાઈજી. તે બૂમ પાડશે એટલે આપણે બારી ઉઘાડીશું એમ સમજીને આ બામણો છુપાઈને ઊભો રહેલો. હવે નક્કી કંઈક માગશે.

આમ સમજીને બાપુ ગુસ્સે થઈ ગયા અને તભા ભટ સામે ડોળા કાઢી બોલ્યા : "ઓ... મહારાજ... તમે શીદ ઊભા છો?"

એટલે તભા ભટ કશું બોલ્યા નહીં અને પેલી કંકોતરી ઝટ ઝટ છોડવા માંડ્યા. કંકોતરી પોતાના ખેસને છેડે બાંધેલી હતી.

બાપુ બોલ્યા : "મોઢેથી બકો ને? પછી અમારે મોડું થાય છે. રાજકાજનાં કામ કરવા દો. ગોળા જેવાં પેટ લીધાં છે અને હાલી નીકળ્યા છો!"

ફુસકી મિયાં બોલ્યા : "બાપુ, જરા છોડવા તો દો. પછી જોજો કે શું છે. અમથા હાલી નીકળે એવા આ ભટજી નથી."

બાપુ ડબ દઈને ડેલીની બારીમાંથી બહાર નીકળી આવ્યા અને હાથ લાંબો કરીને બોલ્યા : "રહેવા દો મહારાજ, રહેવા દો. અમારે તમારું કાંઈ નથી જોવું. અમારે ફુરસદ નથી. રાજનાં કામ કરવા દો."



બાપુને એમ કે આ તભા ભટ કોઈ જાતનો ખરડો કે ફંડફાળો લેવા આવ્યા હશે. ફાળામાં નામ લખવાનું કાગળિયું છોડતા લાગે છે, પણ તે ભલે કાગળ છોડતા રહે. આપણે એ સિપાઈભાઈને

ડેલીમાં લઈ લઈએ અને બારણું વાસી દઈએ. આમ વિચારીને બાપુએ ફુસકી મિયાંનો હાથ પકડ્યો અને અંદર લઈ ગયા. તરત જ બારી વાસી દીધી.

ફુસકી મિયાં બોલ્યા : "પણ ભટજી બહાર રહી ગયા ને!"

બાપુ કહે : "એવા ભીખમંગાનો પાર નથી રહેતો. આ તો રાજદરબાર છે. એવા તો ચાલ્યા જ આવે. અમે તો દાનપુણ્ય કરી કરીને થાકી ગયા. કહો, તમે શું સમાચાર લાવ્યા?"

ફુસકી મિયાં બોલ્યા : "અમે કંકોતરી લઈને આવ્યા."

બાપુ મોઢું મલકાવીને બોલ્યા : "વાહ ભઈ વાહ! તમારા જેવા માણસો તો કંકોતરીઓ જ લાવે ને! તો ભલે આવ્યા."

બાપુ સમજ્યા કે આપણે સરકારમાં 500 રૂપિયા લેવા અરજી કરી છે એનો ઉત્તર લઈને આ સિપાઈ મિયાં આવ્યા છે. સરકારે 500 રૂપિયા કરજે આપવાની મંજૂરી આપી હશે. આવા સરસ સમાચાર કંકોતરી જ કહેવાય ને! એટલે મિયાં એને કંકોતરી કહેતા હશે.

બાપુ એકદમ ઊભા થયા અને ઘરમાં જવા ચાલ્યા. કહેતા ગયા : "જરા ઘરમાં કહી દઉં કે થોડી લાપસી વધારે બનાવે."

ફુસકી મિયાં નવાઈ પામી ગયા અને કંઈ બોલે એ પહેલાં તો બાપુ ઘરમાં જતા રહ્યા.

ફુસકી મિયાંએ ધીમેથી દરવાજાની બારી ઉઘાડી નાખી એટલે તભા ભટ અંદર આવ્યા.

ભટજી બોલ્યા : "આ બાપુ તો કેવા છે? અમને બહાર રાખ્યા અને તમને અંદર લઈ ગયા?"

મિયાં બોલ્યા : "બાપુ છે મજેદાર. લાપસીનું જમણ અમારા અને તમારા માટે બનાવવાની ગોઠવણ કરે છે."

